અપીલ અરજી નં.૨૩૬ તા.૨૫–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશભાઈ મધુભાઈ ઝાલાવાડીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી મુકેશભાઈ મધુભાઈ ઝાલાવાડીયાની તા.૨૩–૫–૧૧ની અરજીથી મોજે ફુલપાડા રે.સ.નં.૧૬૮/૨, તથા ૧૩૩ની જમીનમાં આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૪/ડી અને ૫/ઈ વાળા પ્લોટો નામફેર કરવા આપેલ અરજી અન્વયે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૬/૨૦૧૧–૧૨

શ્રી મુકેશભાઈ મધુભાઈ ઝાલાવાડીયાની તા.૨૩–૫–૧૧ની અરજીથી મોજે ફુલપાડા રે.સ.નં.૧૬૮/૨, તથા ૧૩૩ ની જમીનમાં આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૪/ડી અને ૫/ઈ વાળા પ્લોટો નામફેર કરવા આપેલ અરજી અન્વયે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./૧૬૨ તા. ૨૭–૬–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **સાથે વિવાદ હેઠળની બાબતે તુમાર પર થયેલ કાર્યવાહીની નકલ સહ વિગત મોકલાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૩ તા.૨–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરવા તથા ૨૧–૩–૦૩ના રોજ કે નામફેર કરવા જે અરજી કરેલ હોય તેની નકલ તથા તા. ૯–૦૩–૧૧ની અરજીની નકલ આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૩૧૯ તા.૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારે કરેલ નામફેર અંગે આપેલ અરજીની તા.૯–૩–૨૦૦૧ અને ૨૧–૩–૦૩ ની નકલ, ટેના નં.૧૫જી –૦૧ –૩૭૦૧ –૦–૦૦૧ ના નામફેરની અરજી તથા ૨૦૦૭–૦૮ નું વેરાબીલની રસીદ, બ્લોક સર્વે નં.૧૬૮/૨ +૧૩૩ પૈકી મોજે ફુલપાડાની ૭/૧૨ ના ઉતારાની નકલ, કે.વી. પટેલનું તા.૨૦–૧૨–૦૭નું સોંગધનામું તેમજ ઈન્ડેક્ષની નકલ અને દસ્તાવેજની કોપીની નકલ, સદર ટેના નંબરની તા. ૧૭–૧૨–૦૭ ના રોજ આકારણી બાબતે આપેલ નોટીસની નકલ, ટેના નં.૧૫જી–૦૧–૩૭૧૧–૦–૦૦૧ નામફેરની અરજી ૨૦૦૭–૦૮ ના વેરાબીલ ભર્યાની રસીદ, ૭/૧૨ ના ઉતારાની નકલ, બી.વી. પટેલનું સોંગધનામું ઈન્ડેક્ષની નકલ તેમજ દસ્તાવેજની નકલ, તથા પ્લોટ નં.૫ ઈ ની આકારણી બાબતે સદર લોકેશનની આપેલ નોટીસની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૬૨ તા.૨૭–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧–૭–૧૧ ની અરજીની નકલ, તથા તે અરજી બાબતે અરજદારને આપેલ પ્રત્યુત્તર અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૪૨ તા.૨–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીથી મોજે ફુલપાડા રે.સ.નં.૧૬૮/૨, તથા ૧૩૩ની જમીનમાં આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૪/ડી અને ૫/ઈ વાળા પ્લોટો નામફેર કરવા આપેલ અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૬૨ તા.૨૭–૬–૧૧ થી માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) મોજે ફુલપાડાના રે.સ.નં.૧૬૮/૨, તથા ૧૩૩ વાળી મિલ્કત ઉપર આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૪/ડી અને ૫/ઈ વાળા પ્લોટો નામફેર કરવા ગત તા.૯–૩–૦૧ ના રોજ અરજી આધારે મજકુર પ્લોટ અમોને નામે શા માટે આકારણી રજીસ્ટરે દાખલ કરેલ નથી તેની સ્પષ્ટ માહિતી. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કત અમોને નામે કરવા ગત તા.૯–૩–૦૧ ના રોજ અમોએ આપેલ અરજી અંગે હાલના સમયે સ્ટેટસ શું છે તેની માહિતી. તેવા પ્રશ્ન નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમોએ જણાવ્યા મુજબની સદરહુ મિલ્કતો બાબતેની તમારી નામ ટ્રાન્સફર અંગેની તા.૯–૩–૦૧ ની અરજી કતારગામઝોન કક્ષાએ રેકર્ડ તપાસતાં મળી શકેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) મજકુર મિલ્કત અમોના નામે દાખલ કરવા સામે કોઈની લેખિતમાં વાંધા અરજી આવેલ હોય તો મજકુર મિલ્કત અંગે તેમની ભુમીકા શું હતી તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોન વિભાગનો રેકર્ડ ચકાસતાં આ બાબતે કોઈ વાંધા અરજી આવેલ જણાતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) મોજે ફુલપાડાના રે.સ. નં.૧૬૮/૨ તથા ૧૩૩ વાળી મીલ્કત ઉપર આવેલ ક્રિષ્ના ઈન્ડ. એસ્ટેટના પ્લોટ નં.૪/ડી અને ૫/ઈ વાળી

પ્લોટ સને ૨૦૦૧ થી રાજુભાઈ લાખાભાઈ ભુવાના નામે ચાલી આવેલ હતા તેના નામેથી શ્રી કિશોરભાઈ વલ્લભભાઈ તથા ભદ્રેશભાઈ વલ્લભભાઈ ના નામે નામ ફેર કર્તા સમયે રાજુભાઈ લાખાભાઈની સંમતિ લેવાયેલ હતી કે કેમ? તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ચકાસતાં રાજુભાઈલાખાભાઈ ની સંમતિ લેવામાં આવેલ જણાતું નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) મજકુર મીલ્કત રાજુભાઈ લાખાભાઈ ભુવાના નામે થી કમી કરવાના કામે તેમની કોઈ જ પ્રકારે સંમતિ લેવાયેલ ન હોય તો તેની કાયદેસરતા શું કહી શકાય તે અંગેની સ્પષ્ટ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતો રાજુભાઈ લાખાભાઈ ભુવાના નામોથી કમી કરવાના કામે તેમની સંમતિ લેવામાં આવેલ જણાતું ન હોવા છતાં સુરત મહાનગપાલિકામાં કરપાત્ર વ્યકિતઓ તરફથી જે પુરાવાઓ તેમના નામે મિલ્કત ટ્રાન્સફર કરવા રજૂ કરવાના હતા તેવા આ કામના કાગળોની ખરાપણાની ચકાસણી કર્યા બાદ રજૂ કરેલ પુરાવાઓના આધારે સક્ષમ સત્તાધીશની મંજુરીથી સદરહુ મિલ્કતોના નામ ટ્રાન્સફર કરવામાં આવેલ. વધુમાં કતારગામઝોનના આકારણી દફતરે ફકત કર વસુલાતના હેતુ માટે જે તે વ્યકિતના નામે કર પાત્ર વ્યકિત/કબ્જેદાર /મિલ્કતના ધારણકર્તા તરીકે દાખલ કરવામાં આવ. છે તે જાણશો. તેમજ પ્લોટ નં.૪ ડી માં શ્રી કિશોરભાઈ વલ્લભભાઈ પટેલનું નામ અને પ્લોટ ન. ૫ ઈ માં શ્રી ભદ્રેશભાઈ વલ્લભભાઈ પટેલનું નામ કતારગામઝોનના આકારણી દફતરે દાખલ છે. તેવું જણાવેલ છે. તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૫–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં તેમને અનુક્રમ નં.૪ માં મુદ્દા નં.૫ અંગે આપેલી વિગતોમાં ચકાસણી કર્યા બાદ ટ્રાન્સફર કરાયેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જે અંગે લાગત ફાઈલની તપાસણી આપવાની રહે. તથા મુદ્દા નં.૧ માં આપેલ માહિતી રેકર્ડ તપાસતાં તા.૯–૩–૦૧ ની કોઈ અરજી નથી તે ખોટી બાબત છે . વધુમાં અમોએ તા.૨૧–૩–૦૩ ના રોજ નામફેરની અરજી કરેલ છે . આમ અરજદારની કરેલી રજુઆત અને જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ તેવી બંને અરજીઓ સ્વીકાર્યા અંગેની પહોંચ પણ રજૂ કરેલ છે. આથી તેવી અરજીઓ દફતરે હોવાનું અનુમાનિત છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ રકર્ડ ચકાસતાં તેવી અરજીઓ મળી આવેલ નથી જે અંગે અરજદારને તપાસણી આપી ખરાઈ કરવવાની રહે.

સમગ્ર હકીકત જોતાં મુદ્દા નં.૩ થી ૫ ની આપેલી માહિતી બાબતે પ્રથમદર્શી રીતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે રજૂ કરેલ દસ્તાવેજ જોતાં તકરારને સ્થાન જણાતું નથી. તેમ છતાં મુદ્દા નં.૫ અંગે અરજદારને આપેલ માહિતી યર્થાથતા સબબ તપાસણીના માધ્યમથી ખરાઈ કરાવી શકાય. જયારે મુદ્દા નં.૧ અને ૨ અંગે આપેલ માહિતી અરજદારે રજૂ કરેલ તા.૯–૩–૦૧, તા.૨૧–૩–૨૦૦૩ ની અનુક્રમે રાજુભાઈ ભુવાભાઈ અને મુકેશભાઈના નામે કરેલ નામફેરની અરજીઓ જે મહાનગપાલિકા ધ્વારા સ્વીકારવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ આપેલા પ્રત્યુત્તર વિવાદી રહે છે. જે અંગેની દફતરી હકીકત અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૩–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ અંગે અરજદારની ૨૦૦૧ અને ૨૦૦૩ થી રજૂ કરેલ અને સ્વીકારાયેલ અરજીઓ અંગે કરવામાં આવેલ કાર્યવાહી દફતરી હકીકત તથા મુદ્દા નં.૫ અંગે યોગ્ય ચકાસણી બાદ સક્ષમ સત્તાધીશની મંજુરીથી મિલ્કત ટ્રાન્સફર અંગે ઉપલબ્ધ દફતરી કાગળોની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામા આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુકેશભાઈ મધુભાઈ ઝાલાવાડીયા